**સને ૨૦૨૩-૨૪ નવી બાબત**

રાજ્યના આદિજાતિ વિસ્તારના અનુસૂચિત જનજાતિના ખેડૂત લાભાર્થીઓને કૃષિ યાંત્રિકીકરણ માટે સાધન સહાય (રોટાવેટર/થ્રેશર મશીન) આપવા અંગેની યોજનાને વહીવટી મંજુરી આપવા બાબત.

**ગુજરાત સરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

**ઠરાવ ક્રમાંક: TDD/VKY/e-file/25/2023/0225/P**

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા :**

(૧) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો તા.૦૨/૦૫/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: બજટ-૧૦-૨૦૨૨-૩૭૬-ક.૫.

(૨) ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાતનો તા.૦૩/૦૨/૨૦૨૩ નો પત્ર ક્રમાંક : DSAG/0035/02/2023.

**પ્રસ્તાવના :**

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧) ઉપરના ઠરાવથી રાજ્યના ખેડૂતો માટે માન.મુખ્યમંત્રી કૃષિ યાંત્રિકીકરણ યોજના એજીઆર-૨ (સામાન્ય ખેડૂતો), એજીઆર-૩ (અનુસુચિત જનજાતિ) અને એજીઆર-૪ (અનુસુચિત જાતિ) માટે નાણાકીય સહાય આપવાની યોજના અમલમાં છે. ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ) ના ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૨) ઉપરના પત્રથી રાજ્યના આદિજાતિ ખેડૂત લાભાર્થીઓને કૃષિ યાંત્રિકીકરણ માટે થ્રેશર અને રોટાવેટર (૬ ફીટ)ની ખરીદી માટે સહાય યોજનાના અમલીકરણ માટે વર્ષ ૨૦૨૩-૨૪ ના બજેટમાં રૂ.૬૭૫.૦૦ લાખ (છસો પંચોતેર લાખ પુરા) ની જોગવાઈ કરવા અંગેની નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ હતી. પ્રસ્તુત નવી બાબતને વર્ષ ૨૦૨૩-૨૪ બજેટમાં કરવામાં આવેલ જોગવાઇને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**-: ઠરાવ :-**

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યના આદિજાતિ ખેડૂત લાભાર્થીઓને કૃષિ યાંત્રિકીકરણ માટે થ્રેશર અને રોટાવેટર (૬ ફીટ)ની ખરીદી માટે સહાય આપવા માટેની નવી બાબતને વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ. ૬૭૫.૦૦ લાખ (છસો પંચોતેર લાખ પુરા) ની જોગવાઇને નીચેની શરતોને આધીન, આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે. આ યોજના "આદિજાતિ ખેડૂતોને કૃષિ યાંત્રિકીકરણ માટે થ્રેશર અને રોટાવેટર (૬ ફીટ)ની ખરીદી માટે સહાય આપવાની યોજના" તરીકે ઓળખવામાં આવશે.

**શરતોઃ**

**(૧) લાભાર્થીની પાત્રતા:**

આ યોજના હેઠળ માત્ર આદિજાતિના ખેડૂતો પૈકી નીચે મુજબના લાભાર્થીઓને લાભ મળવા પાત્ર રહેશે.

1. આ યોજનાનો અમલ આદિજાતિ જિલ્લાઓમાં શિડ્યુલ એરિયા, પોકેટ્સ અને કલસ્ટરમાં વસવાટ કરતા આદિજાતિ ખેડૂતો માટે કરવાનો રહેશે.
2. દરેક આદિજાતિ ખેડૂત લાભાર્થીને રાશનકાર્ડ દીઠ એક જ સભ્યને લાભ મળવા પાત્ર રહેશે.
3. નીચે પ્રમાણેના અગ્રતા ક્રમ મુજબ લાભાર્થી પસંદગીને પ્રાથમિકતા આપવાની રહેશે.

(૧) PVTG (આદિમ જૂથ) ના ખેડૂત લાભાર્થી

(૨) વન અધિકાર અધિનિયમના અધિકાર પત્ર ધરાવતા આદિજાતિ ખેડૂત લાભાર્થી

(૩) અન્ય તમામ આદિજાતિ ખેડૂત લાભાર્થી

(૩.૧) અન્ય આદિજાતિ ખેડૂતો પૈકી નીચેના અગ્રતા ક્રમ મુજબ લાભાર્થી પસંદગીને પ્રાથમિકતા આપવાની રહેશે.

- દિવ્યાંગ આદિજાતિ ખેડૂત લાભાર્થી
- વિધવા મહિલા આદિજાતિ ખેડૂત લાભાર્થી
- ૦ થી ૨૦ સુધીનો સ્કોર ધરાવતા બી.પી.એલ. આદિજાતિ ખેડૂત લાભાર્થીઓ (ન્યુનતમ સ્કોર ધરાવતા લાભાર્થીને અગ્રતા આપવાની રહેશે)

**(૨) યોજના અંતર્ગત મળવા પાત્ર લાભ :**

આ યોજના હેઠળ લાભાર્થીને થ્રેશર મશીન અને રોટાવેટર મશીન માટે નીચે મુજબની સહાય મળવા પાત્ર રહેશે.

1. થ્રેશર મશીન માટે રૂપિયા ૩.૦૦ લાખ સુધીના એકમ પર કુલ ખર્ચના ૫૦% અથવા રૂ.૭૫,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે સહાય DBT (ડાયરેક્ટ બેનિફીશીયરી ટ્રાન્સફર) દ્વારા લાભાર્થીના બેંક ખાતામાં મળવાપાત્ર રહેશે.
2. રોટાવેટર ( ૬ ફીટ ) મશીન માટે રૂપિયા ૧.૨૦ લાખ સુધીના એકમ પર કુલ ખર્ચના ૫૦% અથવા રૂ. ૬૦,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે સહાય DBT દ્વારા લાભાર્થીના બેંક ખાતામાં મળવાપાત્ર રહેશે.
3. લાભાર્થીઓને આ સહાય ૧૦ વર્ષમાં એક જ વાર આપવામાં આવશે.

**(૩) લાભાર્થી દ્વારા અરજી સાથે રજુ કરવાના દસ્તાવેજ:**

1. અરજદારના આધારકાર્ડની નકલ
2. અરજદારના જમીન અંગેના આધાર પુરાવા (૭, ૧૨ અને ૮/અ તથા વન અધિકાર અધિનિયમ હેઠળ ફાળવેલ જમીન હોય તો તે અંગેના અધિકાર પત્રની નકલ)
3. અરજદારના જાતિનું પ્રમાણપત્ર
4. અરજદારના રેશનકાર્ડની નકલ
5. બી.પી.એલ. હોય તો અરજદારના ૦ થી ૨૦ સ્કોરનો બી.પી.એલનો દાખલો
6. અરજદારના બેંકની પાસ બુકની નકલ
7. દિવ્યાંગ અરજદારના કિસ્સામાં દિવ્યાંગતાનું પ્રમાણપત્ર
8. વિધવા મહિલા અરજદારના કિસ્સામાં પતિના મરણનો દાખલો
9. અગાઉ ભારત સરકાર/રાજ્ય સરકાર સહાયિત અન્ય યોજના હેઠળ થ્રેશર/રોટાવેટર સહાય માટે લાભ ન લીધો હોવા અંગેની બાહેંધરી

**(૪) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ), ગાંધીનગરની કામગીરી:**

1. આ યોજનામાં જિલ્લાવાર વસ્તીના ધોરણે લાભાર્થીઓના લક્ષ્યાંકની ફાળવણી કરવાની રહેશે.
2. આ યોજનાનું ડી-સેગ કચેરીએ રાજ્ય કક્ષાએથી તથા પ્રાયોજના વહીવટદારશ્રીએ જિલ્લા કક્ષાએથી મોનીટરીંગ કરવાનું રહેશે.

**(૫) જિલ્લા અમલીકરણ સમિતિ**

| ક્રમ | અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ | હોદ્દો |
|---|---|---|
| ૧ | પ્રાયોજના વહીવટદારશ્રી | અધ્યક્ષ |
| ૨ | જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી | સભ્ય |
| ૩ | જીલ્લા નાયબ બાગાયત નિયામકશ્રી | સભ્ય |
| ૪ | મદદનીશ પ્રાયોજના વહીવટદારશ્રી<br>સહકાર/પશુપાલન/વન | સભ્ય |
| ૫ | પ્રોજેક્ટ મેનેજરશ્રી (ડી-સેગ) | સભ્ય સચિવ |

જીલ્લા અમલીકરણ સમિતિએ પરિશિષ્ટ – ૦૧માં દર્શાવ્યા મુજબની કામગીરી કરવાની રહેશે.

<u>અન્ય શરતો :</u>

1. આ યોજનાના અમલીકરણની પ્રક્રિયા તથા વિવિધ સ્ટેક હોલ્ડર્સની ભૂમિકા આ સાથે સામેલ પરિશિષ્ટ – ૧ મુજબ રહેશે.
2. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકીય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી અમલીકરણ એજન્સીએ રાખવાની રહેશે.
3. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
4. ઓનલાઈન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
5. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટ પ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/ કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.
6. નાણાકીય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પદ્ધતિથી જ આપવાની રહેશે.
7. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.
8. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
9. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
10. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
11. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
12. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.
13. પ્રવર્તમાન યોજનાના નોમ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
14. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
15. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
16. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયતપદ્ધતિથી કરવાનું રહેશે.
17. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
18. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
19. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
20. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
21. **આ યોજના નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ સુધી અમલમાં રહેશે.**

આ અંગેનો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૬ આયોજન, મુખ્ય સદર: ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨- અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ - આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર ૬૨ – વિકેવાય – ૧૯ : ડી-સેગ દ્વારા ડેરી, વાડી, સિંચાઈ જેવી યોજનાના અમલીકરણ હેઠળ ખર્ચ કરવાનો રહેશે તથા વખતો વખત આ અંગેની જોગવાઈ બજેટમાં કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પરસરકારશ્રીની તા.૧૨/૦૫/૨૦૨૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Signature Not Verified
Signed by: R H VASAVA
Joint Secretary
Date: 2023.05.18
17:09:17 +05:30

આર. એચ. વસાવા
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી).
- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આદિજાતિ વિકાસ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી (આદિજાતિ વિકાસ), આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- પ્રાયોજના વહીવટદારશ્રી (તમામ, ડી-સેગ મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ

<u>**પરિશિષ્ટ – ૦૧**</u>

**યોજના અમલીકરણની પ્રક્રિયા તથા વિવિધ સ્ટેક હોલ્ડર્સની ભૂમિકા:**

**<u>(૧) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ), ગાંધીનગરની કામગીરી :</u>**

1. આ યોજનાની ડીસેગ દ્વારા રાજ્યકક્ષાએ કોઈ પણ ૦૨ સારી પ્રસિદ્ધિ ધરાવતા વર્તમાન પત્રમાં તેમજ જિલ્લા કક્ષાએ પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી દ્વારા સ્થાનિક લોકપ્રિય વર્તમાન પત્રમાં જાહેરાત આપવાની રહેશે.
2. dsagsahay.gujarat.gov.in વેબસાઈટ ઉપર આ યોજનાનાં લાભાર્થીઓની અરજીઓ ઓનલાઈન મંગાવવાની રહેશે.
3. આ યોજનાના ભૌતિક અને નાણાકીય પ્રગતિ અહેવાલ ડી-સેગ કચેરી દ્વારા આદિજાતિ વિકાસ વિભાગને મોકલવાના રહેશે.
4. પ્રાયોજના વહીવટદારશ્રી દ્વારા આ સાથે સામેલ પરિશિષ્ટ – ૦૧ મુજબ યોજનાના અમલીકરણની કામગીરી કરવાની રહેશે.

**(૨) પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી દ્વારા કરવાની કામગીરી :**

1. ડી-સેગ કચેરી દ્વારા ફાળવવામાં આવેલ લક્ષ્યાંકની મર્યાદામાં લાભાર્થીની પસંદગીના ધારાધોરણો મુજબ જરૂરી નિયમાનુસારની પ્રક્રિયા અનુસરીને લાભાર્થીઓની યાદી (પસંદગી યાદી અને પ્રતિક્ષા યાદી) તૈયાર કરીને આખરી મંજૂરી આપવાની રહેશે.
2. લાભાર્થીની અરજી મંજુર થાય તેની જાણ લાભાર્થીને અરજી મંજુર થયાના ૨૪ કલાકમાં Auto Generated SMS તથા E-Mail દ્વારા થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.
3. ઓનલાઈન પોર્ટલ પર લક્ષ્યાંક કરતા વધુ અરજીઓ મળે ત્યારે પ્રતિક્ષા યાદી તૈયાર કરવાની રહેશે.
4. આ યોજના હેઠળ લાભાર્થીઓની અરજી મંજુર કરી જીલ્લા કક્ષાએથી થ્રેશર મશીન અથવા રોટાવેટર મશીનની ખરીદી માટે પૂર્વ મંજુરી આપવાની રહેશે. પૂર્વ મંજુરી આપ્યા બાદ લાભાર્થી દ્વારા ૯૦ દિવસમાં થ્રેશર મશીન અથવા રોટાવેટર મશીનની ખરીદીના પાકા બીલ સાથે દાવો (ક્લેમ) રજુ ન કરે તો લાભાર્થીને આપવામાં આવેલ પૂર્વ મંજુરી આપો આપ રદ ગણી પ્રતીક્ષા યાદીમાંથી અગ્રતા ક્રમ મુજબ બીજા લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે.
5. આ યોજના હેઠળ લાભાર્થી દ્વારા દાવો (ક્લેમ) જિલ્લા કચેરીમાં રજુ કર્યાના ૩૦ દિવસની અંદર જે તે લાભાર્થીને સહાયની રકમ DBT/ RTGS (Real Time Gross Settlement)/NEFT/e-payment થી સીધેસીધી લાભાર્થીના ખાતામાં જિલ્લા કચેરીએ ચુકવણી કરવાની રહેશે. કોઇપણ સંજોગોમાં લાભાર્થીને સીધી રોકડ સહાય ચૂકવી શકાશે નહી.
6. જીલ્લા કક્ષાએ પ્રાયોજના વહીવટદારશ્રીએ આ યોજનાની કામગીરીની વખતો વખત સમીક્ષા કરવાની રહેશે અને તે અંગેનો માસિક પ્રગતિ અહેવાલ ડી-સેગ કચેરી ખાતે મોકલાવવાનો રહેશે.
7. પ્રાયોજના વહીવટદારશ્રીએ આ યોજનાનાં વપરાશનું પ્રમાણ (યુ.ટી.સી.) ડી-સેગને મોકલી આપવાનું રહેશે.
8. જીલ્લા કક્ષાએ સિનિ.પ્રોજેક્ટ મેનેજર/ પ્રોજેક્ટ મેનેજર/ આસિ.પ્રોજેક્ટ મેનેજર/ જીલ્લા કો-ઓર્ડીનેટરએ ૧૦૦% વેરીફીકેશન કરી જીઓ ટેગીંગ વાળા ફોટોગ્રાફ્સ સાથેનો વિસ્તૃત અહેવાલ ડી-સેગ કચેરી ગાંધીનગર ખાતે મોકલી આપવાનો રહેશે.
9. ડી-સેગ કચેરી ગાંધીનગરથી વખતો વખત આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

**(૩) જિલ્લા અમલીકરણ સમિતિએ કરવાની થતી કામગીરી :**

આ યોજના હેઠળ સમિતિ દ્વારા જીલ્લા કક્ષાએ ડી-સેગના ઓનલાઈન પોર્ટલ પર મળેલ અરજીઓ પૈકી લાભાર્થી પસંદગીના ધારાધોરણો મુજબ લાભાર્થી પસંદગી કરી કમિટીમાં યાદી મંજુર કરવાની રહેશે તેમજ મંજુર થયેલ લાભાર્થીઓનું ડુપ્લીકેશન ન થાય તેની કાળજી લેવાની રહેશે તથા સમયાંતરે યોજનાની પ્રગતિની સમીક્ષા કરવાની રહેશે તેમજ મંજુર લાભાર્થીને અરજી મંજુર થયાની જાણ સમિતિ મળ્યાના ૧ દિવસમાં કરવાની રહેશે અને લાભાર્થી પાસેથી મંજુરી પત્ર મળ્યાની પાવતી જિલ્લા કક્ષાએથી લેવાની રહેશે.

**(૪) લાભાર્થી દ્વારા ક્લેમ રજુ કરતી વખતે આપવાના થતા પુરાવા :**

1. લાભાર્થી દ્વારા ખરીદી કરવામાં આવેલ થ્રેશર/રોટાવેટરનું પાકું બીલ, લાભાર્થીના નામનું અને બેંક ખાતાની વિગત પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે.
2. લાભાર્થીએ થ્રેશર/રોટાવેટરની ખરીદી અધિકૃત વિક્રેતા પાસેથી કરવાની રહેશે.
3. આ પુરાવા સાથેનો ક્લેમ ૯૦ દિવસની મર્યાદામાં પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરીને રજુ કરવાનો રહેશે અન્યથા લાભાર્થીની અરજી નામંજુર કરવામાં આવશે.